સને ૨૦૨૫-૨૬ના વર્ષના બાંધકામને સંબંધિત વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગની રૂ.૨૯.૮૦ કરોડની ચાલુ બાબતની વહીવટી મંજુરી બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ FileNo.- SJED/MSM/e-file/17/2024/2702/A-1 Section

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધો:**

(૧) નાણાં વિભાગનો તા.૦૭-૦૩-૨૦૨૫ નો પરિપત્ર ક્રમાંક: FD/EXP/e-file/4/2023/3563/Z1

**ઠરાવ:**

વંચાણે લીધેલ ક્રમ (૧) પરના નાણા વિભાગના તા.૦૭/૦૩/૨૦૨૫ના પરિપત્રથી સનેઃ ૨૦૨૫-૨૬ના વર્ષના અંદાજપત્રમાં સમાવેશ થયેલ હોય તેવી ચાલુ બાબતો/યોજનાઓની વહીવટી મંજૂરી મેળવવા અંગેની સુચનાઓ આપવામાં આવેલ છે. જે મુજબ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગને સંબંધિત બાંધકામની આ સાથે સામેલ Annexure મુજબની રૂ.૨૯.૮૦ કરોડ ની ચાલુ બાબતને ખર્ચ કરવાની વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

1. આ યોજનાઓનો ખર્ચ તા.૦૧-૦૪-૨૦૨૫થી કરવાનો રહેશે.
2. સંબંધિત કામો માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
3. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.
4. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
5. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
6. યોજના હેઠળ વખતો-વખત નિયત કરવામાં આવતી શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
7. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

8. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
9. આઈ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
10. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
11. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.
12. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.
13. C.M. Dashboard સાથે યોજના Link કરવાની રહેશે.
14. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
15. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૪-૨૫ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
16. પ્રવર્તમાન યોજનાઓના નોર્મ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ સાથે સામેલ રાખેલ Annexureમાં દર્શાવેલ ચાલુ બાબતો માટે આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૨૪/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 26-Mar-2025 (12:44 PM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**બિડાણ:** (Annexure)

**નકલ રવાના:**

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ.
- સેક્શન અધિકારીશ્રી (બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સિલેક્ટ ફાઈલ.

# Annexure

**STATEMENT – D**
**LIST OF CONTINOUS / ONGOING SCHEMES 2025-26**
**DEMAND NO. 84 ROAD & BUILDING DEPARTMENT**

| Sr.No | Demand No. | Major Head | Sub Major Head | Minor Head | Sub Head | Name of the scheme | Continue 2025-26 ( Rs. In Crore ) |
|---|---|---|---|---|---|---|---|
| **Major Head: 4225 Welfare of SC/ST OBC and MINORITIES** | | | | | | | |
| 1 | 84 | 4225 | 03 | 277 | 11 | Refurnishing of Govt. buildings for Other Backward Classes in the state. | 7.00 |
| 4 | 84 | 4225 | 03 | 277 | 101 | Construction of building for Govt. Boys Hostel at Khambhat **( 50% CSS )** | 0.87 |
| 12 | 84 | 4225 | 03 | 277 | 115 | Construction of Govt. Boys Hostel building at Ramnagar Dist.Devbhumi Dwarka | 1.50 |
| 14 | 84 | 4225 | 03 | 277 | 121 | Construction of building for Residential school at Surendranagar | 0.25 |
| 15 | 84 | 4225 | 03 | 277 | 122 | To provide Ramp, Hadnicape Toilet, Lift to Divyang students in Govt.Hostels and Residential Schools | 0.29 |
| 17 | 84 | 4225 | 03 | 277 | 127 | To provide Ramp, Hadnicape Toilet, Lift to Divyang students in Govt.Hostels and Residential Schools | 0.85 |
| 18 | 84 | 4225 | 03 | 277 | 128 | Construction of Govt. Boys Hostel building at Rajkot for std.11th and 12th | 2.85 |
| 19 | 84 | 4225 | 03 | 277 | 129 | Construction of building for Residential school at Tharad Dist. Banaskhantha for std.10th and 11th | 3.00 |
| 20 | 84 | 4225 | 03 | 277 | 130 | Construction of first floor and repairing of ground floor of existing Govt.Boys Hostel, Junagadh | 0.94 |
| 21 | 84 | 4225 | 03 | 277 | 131 | Construction of building for Govt.Girls Hostel at Bhavnagar | 2.61 |
| 22 | 84 | 4225 | 03 | 277 | 132 | Construction of building for Govt.Boys Hostel at Bhavnagar | 3.10 |
| 23 | 84 | 4225 | 03 | 277 | 133 | Construction of building for Girls Residential School at Junagadh | 6.54 |
| **TOTAL : STATEMENT - D** | | | | | | | **29.80** |

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 26-Mar-2025 (12:44 PM)